# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩     :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨     web :- www.suratdeo.org


જા.નં./મા-૩/જ્ઞાન સહાયક/૨૦૨૩/૧૫૭૬૪     તા.૧૨-૦૯-૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળા તમામ (ગ્રાન્ટેડ),

સુરત.જિ.સુરત.

**વિષય** :- ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ખાલી જગ્યા બાબત.

**સંદર્ભ** :- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૧૮૪૬-૭૯ તા.૧૧-૦૯-૨૦૨૩

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં (ગ્રાન્ટેડ) તા.૩૧-૧૦-૨૦૨૩ના રોજ વય નિવૃત્ત કે સ્વૈ.નિવૃત્તિને લીધે ખાલી પડનાર જગ્યા અંગેની વિગત સંદર્ભ દર્શિત પત્ર મુજબની સુચના ધ્યાને લઈ આ સાથે સામેલ નિયત નમૂના પત્રક મુજબ માહિતી બુધવારને તા.૧૩-૦૯-૨૦૨૩ને બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે. ત્યારબાદ આપવામાં આવેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહી.

**નોંધ** :- લઘુમતી શાળાઓએ જગ્યા ઉમેરવાની હોય તો મંડળના લેટરપેડ પર જ્ઞાન સહાયકની જગ્યા માટેની મંજૂરી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત.

**બિડાણ** :- સંદર્ભદર્શિત પત્ર અને નિયત નમૂના પત્રક

| બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ (ગ્રાન્ટેડ) | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| NO | U-DISE NO. | SCHOOL NAME | VILLAGE NAME | BLOCK NAME | DISTRICT NAME | SCHOOL TYPE (CO-EDUCATIONAL, GIRLS,BOYS, SPECIAL SCHOOL) | SUBJECT OF VACANT POST | MEDIUM OF VACANT SUBJECT | TOTAL NUMBER OF CLASS STD-9 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9 | TOTAL NUMBER OF CLASS STD-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-10 | TOTAL NUMBER OF CLASS STD-9-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9-10 | REMARKS | SOE/NON SOE |
| | | | | | | | | | | | | | | | | |

ઇ-મેઇલ

# કમિશનર શાળાઓની કચેરી

બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૧૧

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૧૮૭૫-૭૯ તા.૧૫/૦૯/૨૦૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ

**વિષય :** રાજ્યની માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયક ભરતી અન્વયે ખાલી જગ્યાઓ દર્શાવવા અંગેની સૂચનાઓ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની સરકારી, આર.એમ.એસ.એ., મોડેલ, મોડેલ ડે, બિનસરકારી અનુદાનિત,MSB અને લોકલ બોડીની માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયક ભરતી અન્વયે એસ.એસ.એ. દ્વારા તૈયાર થનાર પોર્ટલ પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ દ્વારા DEO Login માં એન્ટ્રી કરવાની રહેશે.

❖ જે અન્વયે આપે ખાલી જગ્યાઓ પોર્ટલ પર દર્શાવવા અંગે **નીચે મુજબની સુચનાઓ** ધ્યાને લેવાની રહેશે.

1) રાજ્યની સરકારી, આર.એમ.એસ.એ., મોડેલ, મોડેલ ડે, બિનસરકારી અનુદાનિત,MSB અને લોકલ બોડીની માધ્યમિક શાળાઓમાં જ્ઞાનસહાયક ભરતી અન્વયે ટાટના જાહેરનામામાં સમાવિષ્ટ માધ્યમ અને વિષયોની ખાલી જગ્યાઓની શાળાવાર એન્ટ્રી કરવાની રહેશે તેમજ જિલ્લાની તમામ શાળાઓની પોર્ટલ પર એન્ટ્રી કરવાની રહેશે. (૦ (શૂન્ય) ખાલી જગ્યા હોય તો પણ)
2) જ્ઞાનસહાયકની ખાલી જગ્યાઓ જે તે શાળાની મંજુર જગ્યાઓ પૈકીની જ ખાલી જગ્યાઓ હોવી જોઈએ.
3) પ્રવાસી શિક્ષકો વિષયને ધ્યાને રાખી નિમવામાં આવતા હતા પરંતુ જ્ઞાનસહાયકમાં મંજુર મહેકમ પૈકી ખાલી જગ્યા અને તેના વિષય/કાર્યભારને ધ્યાને લેવાનો રહેશે.(એક એક વર્ગવાળી શાળાઓમાં પણ)
4) જે જ્ઞાનસહાયક મૂકવામાં આવે તે શાળામાં જ્ઞાનસહાયક હાજર થયા બાદ પ્રવાસી શિક્ષકોને છૂટા કરવાના રહેશે.
5) ટાટના વિષયો ગણિત-વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન, કોમ્પ્યુટર, હિન્દી,પીટી,ચિત્ર છે અને આ તમામ વિષયોની ટાટની પરીક્ષા માત્ર ગુજરાતી,અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં જ થઈ છે તેથી આ ત્રણ સિવાયના અન્ય કોઈ માધ્યમની ખાલી જગ્યાઓ ધ્યાને લેવાની નથી.
6) લઘુમતી શાળાઓમાં શાળા મંડળ ખાલી જગ્યા દર્શાવે તો ખાલી જગ્યા દર્શાવવાની રહેશે.
7) વર્ષ-૨૦૨૩-૨૪ માટે મંજુર થયેલ વર્ગવધારાની જગ્યાઓ જ્ઞાનસહાયકની ખાલી જગ્યામાં દર્શાવવાની રહેશે.
8) સરકારી શાળામાં બદલી સમયે જે શિક્ષક છૂટા થયેલ ન હોય એ જગ્યા જ્ઞાનસહાયકમાં ખાલી દર્શાવવી અને બદલીવાળી જગ્યા ભરેલી દર્શાવવાની રહેશે તેમજ જ્ઞાનસહાયકની નિમણૂક થયા પછી શિક્ષકને છૂટા કરવાના રહેશે.પરંતુ જ્યાં બધી જ જગ્યા બદલીથી ખાલી પડેલ હોય ત્યાં જૂનીયર મોસ્ટ ઓછામાં ઓછો એક શિક્ષણ સહાયક રાખી અન્ય જગ્યા જ્ઞાનસહાયકથી ભરવી.
9) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ વયનિવૃત્તિ કે સ્વૈચ્છિક નિવૃત્તિથી ખાલી પડનાર જગ્યાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે.

માન. નિયામકશ્રીના નોંધ પરના આદેશ અનુસાર.

**મદદનીશ શિક્ષણ નિયામક**
**ભરતી**
**ગુ.રા.,ગાંધીનગર**